નં.જિ.પં/શિ/પરીક્ષા/ખરીદી/વર્કઓર્ડર/વશી/
ખેડા જિલ્લા પંચાયત (શિક્ષણ શાખા)
નડીયાદ.તા::–૨૮/૦૩/૨૦૨૫

વંચાણે લીધા::–

(૧) માન.નિયામક સાહેબશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગરનો તા::–૧૭/૦૨/૨૦૨૫ નો પત્ર.ક્રમાંક/ જીસીઈઆરટી/ સીએન્ડઈ/૨૦૨૫/૪૫૯૬-૪૬૮૦

(૨) તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ ખેડા જીલ્લા પંચાયત,નડીયાદની ની બેઠકમાં મળેલ મંજરી

(૩) Gem portal પર ના .–511687762065503 તા.૨૮/૦૩/૨૦૨૫

(૪) તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ એકતા ઓફસેટ પ્રા.લી-પીપલગ,નડીયાદ સાથે થયેલ સમજુતી કરાર

(૫) અત્રેની કચેરીની નોધ પર મળેલ મંજુરી.તા.૦૬/૦૫/૨૦૨૫

હુકમ::–

આમુખ–(૧) અન્વયે રાજયની તમામ માધ્યમની સરકારી,ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ.જે અન્વયે અત્રેના ખેડા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતી સંચાલીત ધો–૩ થી ૮ની દ્વિતીય સત્રાંત લેખિત પરીક્ષા ૦૭–એપ્રિલ–૨૦૨૫ થી ૨૫/૦૪/૨૦૨૫ શરૂ થનાર છે.સદર હુ પરીક્ષાના પ્રશ્નપત્રો તથા પેકિંગ કવર છાપકામનું કામ કરાવવાનું થાય.જે અન્વયે આમુખ–(૨)થી Gem portal પોર્ટલ પર પેપર છાપકામની ખરીદીની પ્રકીયા પુર્ણ કર્યા બાદ આવેલ એજન્સીઓમા L1 તરીકે" એકતા ઓફસેટ પ્રા.લી.,પીપલગ,તાઃ–નડીયાદ આવેલ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ ખેડા જીલ્લા પંચાયત,નડીયાદની ...ની બેઠકમાં પેપર છાપકામની કામગીરી કરવા માટે એકતા ઓફસેટ પ્રા.લી.,પીપલગ,તાઃ–નડીયાદ પાસેથી કરાવવા માટે મંજુરી મળેલ છે.

આમુખ-3 થી Gem portal પોર્ટલ પર તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ . –511687762065503 ખેડા જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળા /ઉર્દુ શાળા/આશ્રમશાળા અને નડીયાદ નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રા.શાળામા ધોરણ -3 થી ૮ ના વિધ્યાર્થીઓની સંખ્યા મુજબના અલગ અલગ વિષયના પેપર છાપકામની કામગીરી માટે આપની એજન્સીએ L1 તરીકે આવવા માટે જે ભાવ આપેલ છે તેજ ભાવે ટેન્ડરની શરતોને આધિન વર્ષ -૨૦૨૫ ના શૈક્ષણિક સત્ર માટે નીચેની શરતોને આધિન છાપકામની કામગીરી કરવાના રહેશે.

આમુખ–(૪) અન્વયેએકતા ઓફસેટ પ્રા.લી.,પીપલગ,તાઃ–નડીયાદએ દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૨૫ના પ્રશ્નપત્રો તથા કવર છાપકામ કરી આપવા તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ કરારનામુ કરી ટેન્ડરની શરતોને આધિન વર્ષ -૨૦૨૫ ના શૈક્ષણિક સત્ર માટે નીચેની શરતોને અને સરકારશ્રીના વખતો વખતના નિયમોનુ પાલન કરવા લેખિત સમંતિ આપેલ છે.

વાસ્તે,આમુખ–(૫)ની નોધ પર મળેલ આદેશાનુસાર આમુખ–(૧) થી (૩)ને આધિન ઉપરોકત વિગતો વિચારણામાં લઈ જિલ્લા પંચાયત નડીયાદ ધ્વારા મંજુર કરેલ ભાવ ટેન્ડરની શરતોને આધિન દર–એક નકલના ભાવથી પ્રશ્નપત્રોના છાપકામ પેકીંગ કવર સહીત સામેલ તાલુકાવાર માગણાં પત્રક મુજબના નિયત જથ્થામાં નીચે જણાવેલ શરતોને આધિન છાપકામ કરી પૂરા પાડવા આથી વર્ક ઓર્ડર આપવામાં આવે છે.

શરતો::–

(૧) આ કામે સ્ટેમ્પ ડયુટીની રકમ નિયમોનુસાર "૦૦૩૦ સ્ટેમ્પ એન્ડ રજીસ્ટ્રેશન ફી" સદરે ચલનથી જમા કરાવી ચલન અત્રેની કચેરીમાં દિન–(૪)માં જમા કરાવવાનું રહેશે.અન્યથા બીલમાં તે મુજબની રકમ કપાત કરી લેવામાં આવશે.

(૨) પ્રશ્નપત્રો અત્રેની સુચના મુજબ નિયત જથ્થામાં પેકીગ કવરમાં મુકી સીલ મારવાનું રહેશે.કવર ઉપર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતી–નડીયાદ,ધોરણ,વિષય,તારીખ,પ્રશ્નપત્રોની સંખ્યા,પ્રા.શાળાનું નામ,TOP SECRET,તાલુકાનું નામ,કવર ખોલવાનો સમય,કુલ પ્રશ્નપત્રો,શિક્ષકનીસહી માટે –(ત્રણ)લીટીનું છાપકામ કરવાનું રહેશે.

(૩) પ્રશ્નપત્રોની પ્રુફ રીડીંગ/ચકાસણી થયા બાદ છાપકામ કરવાનું રહેશે.તેમજ પ્રુફ એક જ દિવસે તમામ ધોરણ અને વિષયના લાવવાના રહેશે.

(૪) પ્રશ્નપત્રોના સીલબંધ કવર આપના ખર્ચે અને જોખમે બંધ બોડીના વાહનમાં નીચે જણાવેલ તાલુકા કક્ષાની મુખ્ય શાળાઓમાં અત્રેના ઈન્ડેન્ટમાં જણાવ્યા મુજબ તા::–૦૩/૦૪/૨૦૨૫ ને ગુરુવાર અને ૧૪/૦૪/૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પહોંચાડવાના રહેશે.અને જે તે તાલુકા શાળાના મુખ્ય શિક્ષકશ્રી પાસેથી તમામ પ્રશ્નપત્રોના બંડલ,સીલબંધ કવરમાં સારી હાલતમાં નિયત જથ્થામાં મળેલ છે તે અંગે સામેલ નમૂના

મુજબનું પ્રમાણપત્ર સહી/સિક્કા, તારીખ સાથે મેળવી અત્રેની કચેરીએ ૨–(બે)નકલમાં રજુ કરવાનુ રહેશ.આ સાથે તમામ (૧૦) તાલુકાના ઈન્ડેક્ષનું પત્રક સામેલ છે.તેમજ પ્રશ્નપત્રોના ટ્રાન્સપોર્ટેશન અંગે અત્રેથી કોઈ રકમ અલગથી ચુકવવામાં આવશે નહી.

| તાલુકા શાળાઓની યાદી | | |
|---|---|---|
| ૧ | તાલુકા શાળા ઉતરસંડા | તા.નડીયાદ |
| ૨ | તાલુકા શાળા ઠાસરા | તા.ઠાસરા |
| ૩ | તાલુકા શાળા કઠલાલ | તા.કઠલાલ |
| ૪ | તાલુકા શાળા માતર | તા.માતર |
| ૫ | તાલુકા શાળા મહેમદાવાદ | તા.મહેમદાવાદ |
| ૬ | તાલુકા શાળા કપડવંજ | તા.કપડવંજ |
| ૭ | તાલુકા શાળા મહુધા | તા.મહુધા |
| ૮ | તાલુકા શાળા ખેડા | તા.ખેડા |
| ૯ | તાલુકા શાળા સેવાલીયા ગામ | તા.ગળતેશ્વર |
| ૧૦ | તાલુકા શાળા વસો | તા.વસો |

(૫) પ્રશ્નપત્રોની નકકી કરેલ સાઈઝ(એપેન્ડીક્ષ–૨),કાગળની ગુણવતા,ગુણાત્મક તેમજ વાર્ષિક રેટ કોન્ટ્રાકટ(ટેન્ડર)માં મંજુર કરેલ કાગળના નમૂનામાં જ છાપવાના રહેશે.જો તેમ કરવામાં ચુક થશે તો બીલમાં કાપ આપી શકાશે.

(૬) પેકીંગના કવર ઉપરનું છાપકામ આપના ખર્ચે કરવાનું રહેશે.

(૭) તાલુકાવાર ઈન્ડેન્ટ આ સાથે સામેલ છે.તાલુકાના ઈન્ડેન્ટ મુજબના ગુણંકમાં નિયત જથ્થામાં પ્રશ્નપત્રોની છપામણી કરવાની રહેશે.અને પેકીંગ કવર કાપડના અસ્તરવાળું વાપરવાનું રહેશે.

(૮) પ્રશ્નપત્રોની માહિતી કે વિગતો આપની ક્ષતિને કારણે બહાર આવશે કે પરીક્ષાની ગુપ્તતાનો કોઈપણ રીતે ભંગ થશે અથવા અન્ય ક્ષતિથી પ્રશ્નપત્રો નકકી કરેલ સ્થળ ઉપર સમયસર પહોંચાડવામાં નહી આવે અને વિલંબ થશે જેના કારણે પરીક્ષા બાબતે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આપની રહેશે.

(૯) પ્રશ્નપત્રો છાપવા અને પહોંચાડવા અંગે નકકી કરેલ સમયમર્યાદામાં કોઈપણ સંજોગોમાં વધારો કરી આપવામાં આવશે નહી.

(૧૦) ઉપરોકત શરતો ,ભાવપત્રકની શરતો તથા કરારનામાની શરતો પૈકી કોઈપણ શરતનું આપના તરફથી ઉલ્લંઘન કરવામાં આવશે તેમજ આ અંગે આડકતરી રીતે આ કચેરી સાથે છેતરપીંડી થશે તો તે અંગેની નુકશાનીની તમામ રકમ આપની પાસેથી વસુલ કરવામાં આવશે.અને સિકયોરીટી ડીપોઝીટની રકમ પણ જપ્ત કરવામાં આવશે તદઉપરાંત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૧) પરીક્ષાની ગુપ્તતાનો ભંગ થશે તો શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે તમારી એજન્સી બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(૧૨) બીલમાંથી નિયમોનુસાર ઈન્કમટેક્ષની રકમ કાપવામાં આવશે અને નિયત ૧૬–એ નું પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૧૩) મંજુર થયેલ પેપર સીલ કરવા માટે કાપડના અસ્તરવાળા પેકીંગ કવર અને મંજુર થયેલ કાગળનો નમૂનો દરેકના ૫–(પાંચ)નંગ છાપકામ પહેલાં અત્રેની કચેરીએ આપવામાં આવશે.

(૧૪) બીલનું ચુકવણું દરેક તાલુકાઓમાંથી સામેલ નમૂના મુજબ જરૂરી પ્રમાણપત્રો મળ્યા બાદ જ કરવામાં આવશે.

(૧૫) પરીક્ષાને લગત જરૂરીયાત મુજબના નકશા,આલેખ છાપકામ કરી આપવાના રહેશે.

(૧૬) પ્રશ્નપત્રો/કવરના છાપકામ સિવાય અન્ય કોઈ ખર્ચની રકમ અત્રેથી ચુકવવામાં આવશે નહી.

સામેલ: અત્રેના જિલ્લાના તમામ તાલુકામાથી આવેલ ***ઈન્ડેક્ષનું પત્રક***

*જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી*
***ખેડા જિલ્લા પંચાયત,નડીયાદ***

*પ્રતિ,*

વ્યવસ્થાપકશ્રી,

એકતા ઓફસેટ પ્રા.લી.,પીપલગ,તા:–નડીયાદ

*નકલ સવિનય રવાના::–*માન. જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી,ખેડા જિલ્લા પંચાયત નડીયાદ તરફ વિદિત થવા સારૂ.

*નકલ રવાના::–*તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ,જિ–ખેડા તરફ જાણ તથા ઓર્ડરની શરતો મુજબ પ્રશ્નપત્રો સહીત સામગ્રી મળવા બદલ ચકાસણી કરી પ્રમાણપત્ર આપવા સારૂ.